સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯
આંક –34

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૬ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | કીરણભાઈ ગણેશભાઈ પરમાર (અનુસુચીત જાતી) | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નં બર | 7383771809 |
| ઉંમર આશરે | 34 | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | થાવર તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) હું થાવર ગામે રહી ખેતીનું કામ કરૂ છુ. અમો પાંચ ભાઈ બહેનો છીએ, જેમાં સૌથી મોટો હુ મારાથી નાની હીનાબેન તેનાથી નાની વર્ષાબેન તેનાથી નાનો વિપુલ અને સૌથી નાનો પ્રવિણ છે.

(૨) બનાવ ૨૦૧૯ની સાલમાં બનેલો. તે સમયે બપોરના અમારા ગામના વડલા પાસે હાજર હતો. તે સમયે નરસિંહભાઈ વનાભાઈ પટેલ બાઈક લઈને આવેલા. તે સમયે મુકેશભાઈ તેમની રીક્ષા લઈ રોડ ઉપર ઉભેલા હતા. તે સમયે નરસિંહભાઈ પટેલે તેમનુ બાઈક રીક્ષાને અડાડેલ. તે સમયે મુકેશભાઈએ ઠપકો આપેલો કે તમોએ મારી રીક્ષાને બાઈક અડાડી ઘોબો પાડેલ છે. તે સમયે બોલાચાલી અને મારા મારી ચાલુ થયેલી. નરસિંહભાઈએ મુકેશભાઈને પાટુ મારેલુ અને નીચે પાડી દીધેલા. મુકેશભાઈ અને નરસિંહભાઈ પટેલ વચ્ચે બોલાચાલી થયેલી. ત્યારબાદ નારણભાઈ બાઈક લઈને તેમના હાથમાં ધોકો લઈને આવેલા અને મુકેશભાઈને મારવાનું ચાલુ કરી દીધેલુ. મુકેશભાઈને ધોકો પીઠ પાછળ મારેલો. તે સમયે મુકેશભાઈના પિતા નરસિંહભાઈ નાનજીભાઈ પરમાર આવી ગયેલા અને તેઓ છોડાવા ગયેલા અને તેઓને પણ

સાહેદની સહી............................

નારણભાઈએ ખભા ઉપર ધોકો મારેલો. તે સમયે સામેની દુકાન ઉપર મહેન્દ્રભાઈ ખેમશીભાઈ પરમાર, વેરશીભાઈ કાંતીભાઈ પરમાર, હિતેશભાઈ લાખાભાઈ પરમાર વિગેરે આવી ગયેલ અને વેરશીભાઈએ જણાવેલ કે તમે શું કારણથી મારો છો તેથી આ લોકોએ ગાળો બોલવાનું ચાલુ કરી દીધેલુ. તેઓએ ઢેઢડા જેવા શબ્દો બોલેલા અને મુકેશભાઈને ધમકી આપી જણાવતા હતા કે ટાઈમ આવશે એટલે મારીશુ. મુકશેભાઈ તથા તેમના પિતા તેમને વાગેલ હોય તેથી ધાનેરા સરકારી દવાખાને સારવાર લેવા માટે ગયેલ. ત્યારબાદ તેઓએ ફરીયાદ આપેલ. બનાવ સબંધે પોલીસે મારો જવાબ લીધેલો. આરોપીઓને હું ઓળખુ છુ ,જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે તેજ છે. હું મુદામાલ ધોકો બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી કારણ કે ઘણો લાંબો સમય થઈ ગયેલ હોવાથી.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ ધોકો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે ઘણો લાંબો સમય થઈ ગયેલ હોવાથી ઓળખી શકુ નહી.

**સરતપાસ પુરી...**

**ઉલટતપાસ આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી. ડી.પી.ચૌધરી....**

(૩) બનાવના અરસામાં એ.ટી.એમ. ગાર્ડ તરીકે દેના બેંક ધાનેરા શાખામાં નોકરી કરતો હતો. નોકરીનો સમય સવારના આઠથી સાંજના આઠ વાગ્યા સુધીનો હતો. હું રોજ ધાનેરા થી થાવર ખાનગી ભાડાના વાહનોમાં અપડાઉન કરતો હતો. અમારા ગામમાં જે દૂધ ડેરી આવે છે તેની ઉત્તર દિશાએ નવીન પ્લોટ વિસ્તાર આવેલ છે અને પ્લોટ વિસ્તાર પુરો થયા પછી ખરાબો (ગૌચર) આવે છે અને ત્યારબાદ ખેતરોના વિસ્તાર શરૂ થાય છે. એ વાત ખરી છે કે પીપળીયા તળાવ પાસેથી મફાભાઈ જીવાભાઈનું ખેતર જવાનો શેરીયો આવેલ છે. આ ખેતરના શેરીયા ઉપર મુકેશભાઈને નરસિંહભાઈને શુ બનાવ બનેલો તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે મુકેશભાઈ અને નરસિંહભાઈ રીક્ષા લઈને શેરીયા પાસે ઉભા હતા અને રામજીભાઈ નરસિંહભાઈ

બાઈક લઈને આવતા ઉપરોકત બંન્ને જણા રામજીભાઈની ચેન લઈ લીધેલી. એ વાતની મને ખબર નથી કે નરસિંહભાઈ ઠપકો આપવા જતા મુકેશભાઈ પાવડાનો હાથો લઈ મારવા દોડેલો. એ વાત ખરી છે કે મહેન્દભાઈની દુકાન સ્કુલ પાસે આવેલ છે અને ત્યાં સ્કુલ અને મંદિર હોય ત્યાં ઘણા લોકોની અવર–જવર રહેતી હોય છે અને દોઢ ેક વાગ્યાના અરસામાં સ્કુલના બાળકો મોટી રીશેષમાં છુટતા હોય છે. એ વાત ખરી છે કે તા.૧૯/૪/૧૯ના રોજ મારી રોર્જીદી નોકરીના કામકાજ કરતો હતો. એ વાત ખરી નથી કે મે માથાકુટ બીજા લોકો પાસે સાંભળેલી. એ વાત ખરી છે કે હું કયારેય પોલીસ સ્ટેશન ગયેલ નથી. એ વાત ખરી છે કે મે બનાવના સ્થળથી દૂર ઉભો હતો. એ વાત ખરી છે કે ઘણા બધા માણસો હતા અને કોણ કોને શુ બોલતુ હતુ તેની મને ખબર નથી.

**ઉલટતપાસ પુરી.**

**વધુ ઉલટતપાસ નથી.**

**ફેર તપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| <br><br><br>મુ. ડીસા<br>તા. ૨૦/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી............................